ગુજરાત સરકાર

મહિલા અને બાળ વિકાસ વિભાગ

ક્રમાંક: આઈસીડી/૧૦૨૦૨૦/૧૧૩૬/બ-૧

સચિવાલય, ગાંધીનગર.

તા.૨૬/૦૨/૨૦૨૧

**વંચાણે લીધા:**

1. મહિલા અને બાળ વિકાસ વિભાગનો પરિપત્ર ક્રમાંક: આઈસીડી/૧૦૨૦૧૩/૯૬૭/બ, તા.૧૩/૦૪/૨૦૧૬.
2. સરદાર પટેલ લોકપ્રશાસન સંસ્થા, અમદાવાદનું જાહેરનામું ક્રમાંક: પરક્ષ/૨૦૧૩-જાન્યુઆરી/જી.ઓ./પ.પ્ર., તા.૨૨/૦૨/૨૦૧૩.
3. સામાન્ય વહીવટ વિભાગનું જાહેરનામુ ક્રમાંક: GS/2001/22/RTR/10/2000/U.O./65/K, તા.૧૧/૦૯/૨૦૦૧

**આમુખ:**

વંચાણે લીધા ક્રમાંક (૧) પરના વિભાગના પરિપત્રથી બાળ વિકાસ યોજના અધિકારી, વર્ગ-૨ (સીડીપીઓ)ના સંવર્ગની આખરી પ્રવરતા યાદી પ્રસિદ્ધ કરવામાં આવેલ હતી, જેના પ્રવરતા ક્રમ-૨૭૭ પરના સુશ્રી મનીષા વાસુદેવભાઈ બ્રહ્મભટ્ટને તારીખ ૨૭/૧૦/૨૦૦૯ની પ્રવરતા આપવામાં આવેલ હતી. પરંતુ સુશ્રી બ્રહ્મભટ્ટ નિયત તકમાં સીડીપીઓની પૂર્વ સેવા તાલીમાંત પરીક્ષા પાસ કરી શકેલ ન હતા. પરંતુ વંચાણે લીધેલ ક્રમાંક (૨) પરના સ્પીપાના જાહેરનામાથી પ્રથમ કૃપા તકથી ઉક્ત પરીક્ષા પાસ કરેલ છે. વંચાણે લીધેલ ક્રમાંક (૩) પરના સા.વ.વિ.ના જાહેરનામાની જોગવાઈ અનુસાર, "The seniority of such officer as has passed the examination in the additional chance on the payment of such fee, shall be reckoned from the date of declaration of the result of the examination."

આથી નિયમાનુસાર સુશ્રી બ્રહ્મભટ્ટને સા.વ.વિ.ના તા.૧૧/૦૯/૨૦૦૧ના જાહેરનામાથી કરેલ જોગવાઈ ધ્યાને લઈ, બાળ વિકાસ યોજના અધિકારી, વર્ગ-૨માં તા.૨૭/૧૦/૨૦૦૯ના સ્થાને પૂર્વ સેવા તાલીમાંત પરીક્ષાનું પરિણામ પ્રસિદ્ધ થયા તારીખ ૨૨/૦૨/૨૦૧૩ થી પ્રવરતામાં ગોઠવવાના થાય અને તે મુજબ પ્રવરતા ક્રમ પર સ્થાન આપવાનું રહે.

// હુકમ //

ઉપરની વિગતો ધ્યાને લઈને વિભાગના તા.૧૩/૦૪/૨૦૧૬ના પરિપત્ર ક્રમાંક: આઈસીડી/૧૦૨૦૧૩/૯૬૭/બથી પ્રસિદ્ધ કરેલ બાળ વિકાસ યોજના અધિકારી, વર્ગ-૨ની આખરી પ્રવરતા યાદીમાં સુશ્રી મનિષા વાસુદેવભાઈ બ્રહ્મભટ્ટને તા.૨૭/૧૦/૨૦૦૯ની સ્થિતિએ મળેલ પ્રવરતા ક્રમ-૨૭૭ રદ કરવામાં આવે છે અને તેના સ્થાને સુશ્રી બ્રહ્મભટ્ટને પૂર્વ સેવા તાલીમાંત પરીક્ષાનું પરિણામ પ્રસિદ્ધ થયા તારીખ ૨૨/૦૨/૨૦૧૩થી પ્રવરતા ક્રમ-૪૨૪ (ક) પર મુકવામાં આવે છે.

આ હુકમ આ વિભાગની સમાન ક્રમાંકની ફાઈલ પર સા.વ.વિ.ની તા.૧૨/૦૧/૨૦૨૧ની નોંધથી મળેલ અનુમતિ અન્વયે બહાર પાડવામાં આવેલ છે.

ગુજરાત રાજ્યના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(ચૈતન્ય નિમાંવત)
નાયબ સચિવ
મહિલા અને બાળ વિકાસ વિભાગ

પ્રતિ,

1. અ.મુ.સ.શ્રી (ક.ગ.), સામાન્ય વહીવટ વિભાગના રહસ્ય સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
2. કમિશ્નરશ્રી, મહિલા અને બાળ વિકાસની કચેરી, ૨૦, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
3. સચિવશ્રી, ગુજરાત જાહેર સેવા આયોગ, છ-૩ સર્કલ નજીક, છ રોડ, ગાંધીનગર (પત્ર દ્વારા)
4. નિયામકશ્રી (આઈસીડીએસ), કમિશ્નરશ્રી, મહિલા અને બાળ વિકાસની કચેરી, ૨૦, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
5. જિલ્લા વિકાસ અધિકારીશ્રી, જિલ્લા પંચાયત, સુરેન્દ્રનગર.
6. સુશ્રી મનીષાબેન વી. બ્રહ્મભટ્ટ, પ્રોગ્રામ અધિકારી, જિલ્લા પંચાયત, સુરેન્દ્રનગર.
7. શાખા સિલેક્ટ ફાઈલ.